# સાહિત્ય અને જીવન

ધીરુ પરીખ

શીર્ષકમાંના ‘સાહિત્ય’ અને ‘જીવન’ શબ્દો સદીઓ જૂના છે. પરન્તુ એ જેટલા જૂના છે તેટલા જ નૂતન પણ છે. આ બન્ને વચ્ચે જે સંબંધ છે તે ક્યારેય છૂટવાનો નથી.

સાહિત્ય સર્જે છે કોણ ? જવાબમાં જીવનધારી મનુષ્ય આવશે. તો પછી જે માનવી સાહિત્ય સર્જે છે તે સાહિત્ય તેના જીવનથી પર કેવી રીતે હોઈ શકે ?

જીવન સાહિત્યની પૂર્વે સર્જાયું છે. આથી વિશ્વમાં જ્યાં જ્યાં માનવી છે ત્યાં ત્યાં સાહિત્યની સંભાવના છે. આદિકાળથી પૃથ્વી પર વસતો માનવી પોતાના જીવનની બાબતમાં વત્તેઓછે અંશે વિચારતો રહ્યો છે. એના વિકાસના વિવિધ કાળખંડમાં એ જીવનથી વધુ ને વધુ સભાન થતો આવ્યો છે. લિપિ નહોતી શોધાઈ ત્યારે પણ માનવી એક યા બીજી રીતે પોતાનાં ભાવ, સંવેદનો, જરૂરિયાતોને વાચા આપતો આવ્યો છે.

આમ એની આ અભિવ્યક્તિ વાચામાં વિવિધ રીતે વિવિધ સ્તરે જોવા-જાણવા મળે છે. ધીમે ધીમે માનવી જરૂરિયાતમાંથી વિશેષપણે કશુંક વિચારતો થયો છે એમ જગતનો ઇતિહાસ કહે છે. આની આવી વિચારલહેર વિકસતી વિકસતી કલાત્મકતા તરફ વળી છે. આથી આ માનવી પેટનો ખાડો પૂરવા કે કંઠનો તોષ સંતોષવા પૂરતો મર્યાદિત ન રહેતાં કંઈક વિશેષ હેતુ પણ સર કરવા લાગ્યો.

આવી રીતે જેમ જેમ વાણી લિપિબદ્ધ થતી ગઈ તેમ તેમ માત્ર મૌખિક અભિવ્યક્તિમાંથી લિખિત અભિવ્યક્તિ તરફ વળવાનું બન્યું. અને વળી એમાં કેવળ સ્થૂળ પ્રયોજનથી પર થઈ અલૌકિક આનંદની ઉજાણી તરફ માનવી વળતો થયો. આમ સહેતુક મૌખિક-લિખિત અભિવ્યક્તિથી વિકસતો વિકસતો માનવી આનંદલક્ષી વાચિક-લિખિત અભિવ્યક્તિ તરફ વળ્યો છે તેવું જોવા મળે છે.

આવી રીતે અભિવ્યક્તિનો સ્તર સૂક્ષ્મથી સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ તરફ વિકસતો ગયો છે. આરંભમાં નામઠામ વગર મનુષ્ય સંવેદન-વિચારને વ્યક્ત કરતો થયો. આ પ્રકારની મૌખિક અભિવ્યક્તિ જ્યારે આનંદલક્ષી કે કોઈ પ્રકારના જીવનલક્ષી હેતુ તરફ વળી છે ત્યારે લોકસાહિત્ય રચાયું છે. એમાં દરેક તબક્કે જીવનનો મહિમા પ્રધાન બન્યો છે.

આમ, સાહિત્ય મનુષ્ય દ્વારા મનુષ્ય માટે સર્જાયું છે, જેમાં જીવન કેન્દ્રસ્થાને રહેવા પામ્યું છે. જીવનની બાદબાકીથી કોઈ હેતુ સિદ્ધ થતો જણાયો નથી. પૃથ્વી પરના વિવિધ વિસ્તારોમાં વિવિધ તબક્કે માનવી જીવન પ્રત્યે વધુ ને વધુ સભાન થતો ગયો છે. કેવળ

સ્થૂળ જીવનમાંથી સૂક્ષ્મ જીવન તરફ વળ્યો છે. આમ માનવી જીવન સર્વ પ્રવૃત્તિઓનું સ્થૂળથી સૂક્ષ્મ સ્તરે વાચિક-લિખિત અભિવ્યક્તિનું કારણ રહ્યું છે.

જેમ જેમ અભિવ્યક્તિમાં કલાત્મકતા ભળતી ગઈ તેમ તેમ જીવનની વાત રસાત્મક બનતી ગઈ. આવા રસાત્મક જીવનવ્યવહારનો હેતુ સર્જનાત્મક સ્તરે પહોંચે છે ત્યારે સાહિત્યનો જન્મ થાય છે. ક્રમશઃ સાહિત્ય વિવિધ સ્વરૂપોમાં ઢળવા લાગે છે અને એ રીતે સાહિત્યનો વિસ્તાર થાય છે એમાં પણ જીવન જ મહત્ત્વનું પાસું બની રહે છે.

જીવનની વાત સીધી કે આડકતરી રીતે આવે, સ્થૂળ કે સૂક્ષ્મ રીતે આવે પણ જીવનની બાદબાકીથી સાહિત્ય અસ્તિત્વમાં આવી શક્યું નથી કે આવી શકતું નથી. એટલે જીવનનાં પરિવર્તનો સાહિત્યનાં પરિવર્તનો બની રહે છે. આ રીતે સાહિત્ય માનવસર્જિત છે અને એટલે કોઈ ને કોઈ રીતે મનુષ્યજીવન સાહિત્યનો વિષય બનતું આવ્યું છે અને બન્યા કરશે.

જો સાહિત્યમાં જીવન કોઈ ને કોઈ રીતે પ્રતિબિંબિત ના થાય તો સાહિત્યનો મહિમા કેટલો રહેશે ? હા, એ વાત ખરી કે માનવી જીવનના વિકાસની સાથે સાથે તેની અભિવ્યક્તિનાં સ્વરૂપો પણ વિકસતાં ગયાં છે અને ક્યારેક સાહિત્ય માનવસમાજમાં ખૂણામાં પણ ધકેલાઈ ગયું છે. પણ ત્યારે એણે જીવનનો સાથ છોડ્યો નથી.

આમ, જીવનની ઝાડીમાં સાહિત્ય એ સાફસૂથરી પ્રવાસકેડી છે. અને આ પ્રવાસ એ જ જીવનયાત્રા છે. આમ, સાહિત્ય સાથે જીવનનો સંબંધ વિવિધ તબક્કે વિવિધ રીતે અનુબંધાયેલો છે.